# શહેરમાં મતગણતરીની આસપાસ

ગાંધીનગર તા ૧૮

- સે-૧૫ આટર્સ કોલેજ બહાર બન્ને પક્ષના સમર્થકોની વહેલી સવારથી જ ભારે ભીડ જામી હતી.
- ચુંટણી પરિણામને અનુલક્ષી કોલેજ સંકુલ આસપાસની જાડીઓમાં ચા નાસ્તાના વેપારીઓએ પણ અડ્ડો જમાવી દીધો હતો.
- કોલેજ સંકુલ બહાર ફુલહાર તેમજ ગુલાલના વેચાણ માટે



વેપારીઓ ગોઠવાઇ ગયા હતા.
- ગ માર્ગ તેમજ સેકટર -૧૬ ના આંતરિક માર્ગો પાર્કીંગ પ્લેસમાં ફેરવાઇ ગયા હતા. તંત્રએ નિયત કરેલી પાર્કીંગ વ્યવસ્થામાં શિસ્ત ન જળવાતા અવ્યવસ્થા થઇ હતી.
- કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાયેલી રહે તે માટે મતગણતરી કેન્દ્રની આસપાસ ચારેકોર પોલીસ અને પેરામીલેટ્રી ફોર્સનો ચાંપતો પહેરો ગોઠવાયેલો હતો. આ ઉપરાંત સવારે ૫ વાગ્યાથી પોલીસ અધિકારીઓ કાઉન્ટીંગ સેન્ટરમાં મોનિટરીંગ કરતા હતા.
- આઇ જી મયંકસિંહ ચાવડા , જિલ્લા કલેકટર સતીષ પટેલ એસ પી વિરેન્દ્રસિંહ યાદવ સહીતના અધિકારીઓ દિવસભર મતગણતરી કેન્દ્ર પર હાજર રહયા હતા.
- ગેરરીતીથી સાવચેત રહેવા મતગણતરી કેન્દ્રની અંદર કોઇપણ ઉમેદવારો , ટેકેદારો કે પત્રકારોને મોબાઇલ લઇ જવાયા દેવાયા ન હતા આ માટે અલગ કલોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સુરક્ષા કર્મચારીઓનો સ્ટાફ ,ચુંટણી અધિકારીઓ તેમજ પત્રકારો માટે ચા કોફી, નાસ્તા સહીત જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.
- મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતા કેટલાક સમર્થકો અને પોલીસ વચ્ચે શાબ્દિક ઘર્ષણ થયુ હતુ.
- ચુંટણી પરિણામ અંગે કોલેજ સંકુલ બહાર સમર્થકોને જાણકારી મળી રહે તે માટે માઇક લગાવાયુ હતુ.
- ભારે ઉત્તેજનાના માહોલ વચ્ચે કોલેજમાં મતગણતરીની પ્રક્રીયા શરૂ થઇ હતી.
- પેરા મિલેટ્રી ફોર્સના જવાનો પણ સતત મોબાઇલના માધ્યમથી પરિણામ અંગે અપગ્રેડ જાણતા હતા.
- મતગણતરીના પ્રારંભથી જ જિલ્લાની મોટાભાગની બેઠકો પર કોંગ્રેસ આગળ રહી હતી.
- ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર ડો સી જે ચાવડા શરૂઆતથી જ લીડ મેળવતા કોંગ્રેસના સમર્થકો હરખાયા હતા.
- મતગણતરી કેન્દ્રમાં બન્ને પક્ષના ઉમેદવારો લલાટે તિલક કરી જીતની આશા સાથે આવ્યા હતા.
- જો કે ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર અશોક પટેલ સવારથી જ હાજર રહયા ન હતા.
- બેલેટના મતોની ગણતરીમાં પણ કોંગ્રેસના ઉમેદવારો આગળ રહેતા સમર્થકોનો ઉત્સાહ બેવડાયો હતો.
- અશોક પટેલના ટેકેદાર કેતન પટેલ મતગણતરીના આંકડા પર નજર રાખીને બેઠા હતા.
- ભાજપના દક્ષિણના ઉમેદવાર શંભુજી ઠાકોર બપોરે ૧૨ : ૨૦ કલાકે મતગણતરી કેન્દ્ર ખાતે આવી પહોંચ્યા હતા.
- મતગણતરી સંકુલ બહાર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન અને કોંગ્રેસના મહીલા અગ્રણી ગીતાબેન પટેલ કાર્યકર્તાઓ સાથે આવી પહોંચ્યા હતા.
- દક્ષિણની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોવિંદજી સોલંકી પ્રથમ રાઉન્ડથી જ આગળ ચાલતા ભાજપના સમર્થકોમાં ચિંતા પ્રવર્તી હતી.
- કોંગ્રેસના ગોવિંદજીને ગામડાઓની મતપેટીઓમાંથી લીડ મળતા



કાર્યકરો ગેલમાં આવી ગયા હતા.
- શંભુજી ઠાકોર પાછળ હોવાછતા તેમને જીતનો વિશ્વાસ હતો તે મુજબ તેમણે મોટેરા ચાંદખેડા વિસ્તારમાંથી લીડ કવર કરી આગળ નિકળી ગયા હતા.
- કોલેજ સંકુલ બહાર મોટી સંખ્યામાં ઉભા થયેલા કાર્યકરોમાં પણ સતત રસાકસીભર્યા માહોલના લીધે ઉત્તેજના વ્યાપેલી જોવા મળી હતી.
- કાર્યકરોની ભીડમાંથી વારંવાર કોણ આગળ છે તેવો પ્રશ્ન ઉઠતો રહયો હતો.
- દહેગામની બેઠક પર ભાજપના બલરાજસિંહ ચૌહાણ પણ લીડ કરતા સમર્થકોનો ઉત્સાહ વધ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાની પાંચ પૈકી દહેગામની બેઠક પ્રથમ ભાજપ માટે જીતના સમાચાર લઇને આવી હતી.
- દહેગામ બેઠકના ભાજપના બલરાજસિંહ ચૌહાણની જીતના સમાચારથી સમર્થકોએ ઢોલ નગારા વગાડી ગુલાલની છોળ ઉડાડી જીતની ખુશી વ્યકત કરી હતી.
- ઇ વી એમ મશીનના આધારે થતી મત ગણતરીની સાથે સાથે છેલ્લે સુધી બેલેટની ગણતરી પણ થઇ હતી.
- કોંગ્રેસના ઉત્તરના ઉમેદવાર સી જે ચાવડાની જીત બાદ કોંગ્રેસના સમર્થકોએ ભારત માતા કી જય બોલાવી હતી.
- કોલેજ સંકુલ બહાર ગેલમાં આવેલા સમર્થકે અભદ્ર શબ્દો બોલતા



કોંગ્રેસની મહીલા ટેકેદારે ઝાટકણી કાઢતા બધા છોભિલા પડી ગયા હતા.
- જીતેલા ઉમેદવારોને આવકારવા એકઠા થયેલા બન્ને પક્ષના ટેકેદારો અને સમર્થકોમાં ચડભડ થતા સામસામે સુત્રોચ્ચાર થયા હતા.
- કલોલની બેઠક પર સતત કશ્મકસ રહેતા સમર્થકો સતત આ અંગે પૃચ્છા કરતા જોવા મળ્યા હતા. આખરે કલોલની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બળદેવજી ઠાકોર વિજેતા જાહેર થતા કોંગી કાર્યકરો હરખાયા હતા.
- માણસાની બેઠકને અનુલક્ષી હાથ ધરાયેલી મતગણતરી દરમિયાન પ્રત્યેક રાઉન્ડના અંતે ભાજપના અમિત ચૌધરી પાતળી સરસાઇથી આગળ રહેતા તેમની જીત નિશ્ચિત મનાતી હતી.
- માણસા ગણતરીના અંતિમ રાઉન્ડમાં ઈવીએમ મશીન ખોટવાતા મતગણતરીમાં વિલંબ થયો હતો.
- અંતિમ રાઉન્ડ પુર્વે જ માણસા કોંગ્રેસના ઉમેદવાર સુરેશ પટેલે લીડ કવર કરતા આખરી રાઉન્ડની ગણતરીના અંતે તેમને વિજેતા જાહેર કરાયા હતા.
- ભારે રસાકસી ભરી મતગણતરીના અંતે ગાંધીનગર ઉત્તર , માણસા અને કલોલની બેઠક કોંગ્રેસ અને ગાંધીનગર દક્ષિણ તેમજ દહેગામ ભાજપના પોકેટમાં ગઇ હતી.
- જીતના ઉમેદવારો સાથે સમર્થકો સેલ્ફી લેવા પડાપડી કરતા નજરે પડયા હતા.
- આમ આદમી પરિવારના ઉમેદવાર ગુણવંત પટેલને તેમના પરિવારજનોનો જ મત ન મળ્યો હોવાના આક્ષેપ સાથે ચુંટણી અધિકારી સાથે ઉગ્રતા દાખવી હતી.
- શહેરના ચાની લારીઓ અને ગલ્લાઓ પર આખો દિવસ કોને કેટલા મત મળ્યા અને કોણ જીત્યુ, કોણ હાર્યું એની ચર્ચાઓ કરતા નગરજનો જોવા મળ્યા હતા.
- માણસા અને કલોલની બેઠકો માટે ખૂબ શરતો લાગી હતી.

## જિલ્લા પ્રમાણે બેઠકો

| જિલ્લો | બેઠકો | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| કચ્છ | ૬ | ૪ | ૨ | ૦ |
| સુરેન્દ્રનગર | ૫ | ૧ | ૪ | ૦ |
| મોરબી | ૩ | ૦ | ૩ | ૦ |
| રાજકોટ | ૮ | ૬ | ૨ | ૦ |
| જામનગર | ૫ | ૨ | ૩ | ૦ |
| દ્વારકા | ૨ | ૧ | ૧ | ૦ |
| પોરબંદર ૨ | ૧ | ૦ | ૧ | |
| જૂનાગઢ | ૫ | ૧ | ૪ | ૦ |
| સોમનાથ ૪ | ૦ | ૪ | ૦ | |
| અમરેલી ૫ | ૦ | ૫ | ૦ | |
| ભાવનગર | ૭ | ૬ | ૧ | ૦ |
| બોટાદ | ૨ | ૧ | ૧ | ૦ |
| નર્મદા | ૨ | ૦ | ૨ | ૦ |
| ભરૂચ | ૫ | ૩ | ૨ | ૦ |
| સુરત | ૧૬ | ૧૫ | ૧ | ૦ |
| તાપી | ૨ | ૦ | ૨ | ૦ |
| ડાંગ | ૧ | ૦ | ૧ | ૦ |
| નવસારી ૪ | ૩ | ૧ | ૦ | |
| વલસાડ | ૫ | ૪ | ૧ | ૦ |
| બીજો તબક્કો | | | | |
| અમદાવાદ | ૨૧ | ૧૬ | ૫ | ૦ |
| બનાસકાંઠા | ૦૯ | ૩ | ૫ | ૧ |
| પાટણ | ૦૪ | ૧ | ૩ | ૦ |
| મહેસાણા૦૭ | ૫ | ૨ | ૦ | |
| સાબરકાંઠા | ૦૪ | ૩ | ૧ | ૦ |
| અરવલ્લી૦૩ | ૦ | ૩ | ૦ | |
| ગાંધીનગર | ૦૫ | ૨ | ૩ | ૦ |
| આણંદ | ૦૭ | ૨ | ૫ | ૦ |
| ખેડા | ૦૬ | ૩ | ૩ | ૦ |
| મહિસાગર | ૦૩ | ૧ | ૧ | ૧ |
| પંચમહાલ | ૦૫ | ૪ | ૦ | ૧ |
| છોટા ઉદેપુર | ૦૩ | ૧ | ૨ | ૦ |
| દાહોદ | ૦૬ | ૩ | ૩ | ૦ |
| વડોદરા | ૧૦ | ૮ | ૨ | ૦ |

## પાટીદારોએ પોલીસનો માર ખાધો તેવી ૧૯ બેઠકો પર ભાજપ

ગુજરાતમાં કોંગ્રેસને સત્તા મળશે તેનો મોટો મદાર પાટીદાર મતો ઉપર હતો, પણ પાટીદાર બહુમતી વિસ્તારમાં જ્યાં ૨૦૧૫માં જ્યાં મોટા પ્રમાણમાં તોફાન થયા હતા અને જ્યાં પોલીસે પટેલો ઉપર ગોળીયો અને બંદુકો વરસાવી હતી તે વિસ્તારના પટેલોએ પણ ભાજપને જ મત આપ્યા હતા, જેના કારણે કોંગ્રેસનો મોંઢા પાસે આવેલો કોળીયો જુટવાઈ ગયો. ૨૦૧૫માં અમદાવાદની જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર થયેલી હાર્દિક પટેલની સભા બાદ રાજ્યના વિવિધ વિસ્તારમાં તોફાન ફાટી નિકળ્યા હતા, જે તોફાનને ડામવા માટે પોલીસે બળ પ્રયોગ કરવાની સાથે પોલીસે ગોળીબારનો આશરો પણ લીધો હતો, જેમાં અસંખ્ય લોકો ઘવાયા હતા. ૧૪ પાટીદાર યુવાનો પોલીસ ગોળીબારમાં માર્યા ગયા હતા.

